દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
બુધવાર ૧૩ મે, ૨૦૨૬

# યુદ્ધનો અંત લાવવા ઈરાન પર ચીન પાસે દબાણ કરાવવામાં ટ્રમ્પ સફળ રહેશે?

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ચીનની મુલાકાતે જઇ રહ્યા છે. આ લખાણ તમારા હાથમાં આવશે ત્યારે અમેરિકી પ્રમુખ ચીન જવા માટે માર્ગમાં હશે. બુધવારે સાંજે તેઓ ચીન પહોંચવાનો કાર્યક્રમ ધરાવે છે. આ મુલાકાત ખૂબ મહત્વની એટલા માટે છે કે છેલ્લા કેટલાક સમયમાં વિવિધ મુદ્દે, ખાસ કરીને ટેરિફ સહિતના આર્થિક મુદ્દાઓ પર આ બંને મહાસત્તાઓ વચ્ચે ઘણો તનાવ સર્જાયો છે. ચીની પ્રમુખ જિનપિંગના આમંત્રણ પર અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ૧૩ થી ૧૫ મે દરમિયાન ચીનની સત્તાવાર મુલાકાત લેશે, તેમ ચીની વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ સોમવારે જાહેરાત કરી હતી. લગભગ નવ વર્ષમાં કોઈ અમેરિકી પ્રમુખની આ પ્રથમ ચીન મુલાકાત હશે. ટ્રમ્પ પોતે ૨૦૧૭માં તેમના પ્રથમ કાર્યકાળ દરમિયાન ચીનની મુલાકાત લેનારા છેલ્લા અમેરિકી પ્રમુખ હતા. આ મુલાકાત એવા સમયે થઈ રહી છે જ્યારે પશ્ચિમ એશિયામાં અમેરિકા-ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે લાંબા સમયથી યુદ્ધ ચાલી રહ્યું છે, હોર્મુઝની સામુદ્રધુનીમાં નાકાબંધીને કારણે વૈશ્વિક ઉર્જા સંકટ ઊભું થયું છે, અને આર્થિક ઉપરાંત તાઈવાન સહિતના અનેક મુદ્દાઓ પર અમેરિકા અને ચીન વચ્ચે તણાવ ચાલુ રહ્યો છે. રવિવારે, અમેરિકાના પ્રિન્સિપલ ડેપ્યુટી પ્રેસ સેક્રેટરી એના કેલીએ જણાવ્યું હતું કે ટ્રમ્પ બુધવારે સાંજે બેઇજિંગ પહોંચશે, તેમણે આ મુલાકાતને 'પ્રતીકાત્મક મહત્વ' ધરાવતી મુલાકાત ગણાવી હતી.

આમ તો ઇરાન યુદ્ધ શરૂ થયું તેના પહેલાથી ટ્રમ્પની ચીનની મુલાકાત નક્કી થઇ ગઇ હતી. બંને દેશો વચ્ચે ભલે વૈમનસ્ય હોય પરંતુ આજના સંજોગોમાં બંનેને એકબીજા વગર ચાલે તેમ નથી. દુર્લભ ખનિજો સહિતની બાબતોમાં અમેરિકાને ચીનની ગરજ છે તો ચીનને પણ અમેરિકાની કેટલીક ટેકનોલોજીની જરૂર છે. ચીનને અમેરિકાનું વિશાળ બજાર પણ જોઇએ છે. અને જેની આતુરતાથી રાહ જોવાઇ રહી હતી તે મુલાકાતનો સમય આવી ગયો છે. કેલીએ જણાવ્યું કે અમેરિકી નેતા ગુરુવારે સ્વાગત સમારોહ અને ટ્રમ્પ શી જિનપિંગ સાથે દ્વિપક્ષીય બેઠકમાં હાજરી આપશે, ત્યારબાદ તેઓ 'ટેમ્પલ ઓફ હેવન'ની મુલાકાત લેશે અને સત્તાવાર ભોજન સમારંભમાં સામેલ થશે. બંને દેશોના નેતાઓ શુક્રવારે ફરીથી દ્વિપક્ષીય ચા અને વર્કિંગ લંચ માટે મળશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે અમેરિકા આ વર્ષના અંતમાં ચીની નેતાની વળતી મુલાકાતનું આયોજન કરવાનું પણ વિચારી રહ્યું છે. બંને દેશો વચ્ચે શું સમજૂતિઓ અને કરારો થશે તે તો બાદમાં જાણવા મળશે પરંતુ એમ લાગે છે કે દક્ષિણ ચીની સમુદ્ર અને તાઇવાનના મુદ્દે બંને દેશો વચ્ચેના મતભેદો હાલ તો નહીં જ ઉકેલાય. ચીનના દુર્લભ ખનિજોની બાબતે બંને દેશો વચ્ચે કરાર થઇ શકે છે તો ટ્રમ્પ ચીન પરના ટેરિફ કંઇક ઘટાડી શકે છે તેમ હાલ તો લાગે છે. ડ્રગ્સ એક બીજો મહત્વનો મુદ્દો છે. અમેરિકા સતત ચીન પર અમેરિકામાં ઘૂસાડવામાં આવતા કેફી દ્રવ્યોની બાબતમાં આંગળીઓ ચિંધતું આવ્યું છે. જો કે ટ્રમ્પની મુલાકાત પહેલા જ બંને દેશોની ડ્રગ્સ એજન્સીઓએ કેફી દ્રવ્યો સામે કાર્યવાહી કરી છે તેથી આ મુદ્દે પણ સમજૂતિ થાય એમ લાગે છે.

પરંતુ આ મુલાકાત ઇરાન યુદ્ધ સંદર્ભમાં પણ મહત્વની બની રહે તેમ છે.ઇરાને હોર્મુઝની ખાડીના માર્ગમાં અવરોધો ઉભા કર્યા છે તેનાથી દુનિયાભરના ખનિજ પુરવઠા અને જહાજી વ્યવહારને અસર થઇ છે. અત્યારે ઇરાન અને અમેરિકા વચ્ચે યુદ્ધ વિરામ હતો પરંતુ ટ્રમ્પની ચીનની મુલાકાત ટાણે જ અમેરિકા અને ઇરાન વચ્ચે ફરીથી મડાગાંઠ સર્જાઇ છે અને એમ માનવામાં આવે છે કે ટ્રમ્પ ચીની પ્રમુખ જિનપિંગને વર્તમાન અનિશ્ચિતતાનો અંત લાવવા ઇરાન પર દબાણ કરવા વિનંતી કરશે. ચીન એ ઇરાની ક્રૂડનું સૌથી મોટું ગ્રાહક છે એ બાબત આમાં મદદરૂપ થઇ શકે છે. બેઇજિંગ ઈરાનનું 80-90% પ્રતિબંધિત તેલ ખરીદે છે, જે તેને તેહરાન પર નોંધપાત્ર આર્થિક પ્રભાવ આપે છે. ટ્રમ્પ એવી અપેક્ષા રાખે છે કે શી જિનપિંગ આ આર્થિક દબાણનો ઉપયોગ કરે, જેથી ઈરાનને સમજૂતી માટે મજબૂર કરી શકાય અને વૈશ્વિક ઈંધણના ભાવમાં થતો વધારો અટકાવી શકાય. જોકે બંને પક્ષો મોટા સંઘર્ષને ટાળવામાં રસ ધરાવે છે, પરંતુ તેમની ઊંડી અને વિરોધાભાસી માંગણીઓને કારણે ઝડપી ઉકેલ આવવો મુશ્કેલ છે, અને હાલમાં યુદ્ધવિરામની સ્થિતિ અત્યંત નાજુક છે. ટ્રમ્પે યુદ્ધ વિરામને સોમવારે લાઇફ સપોર્ટ પર ગણાવ્યો હતો. ટ્રમ્પ આગાહી નહીં કરી શકાય તેવી વ્યક્તિ છે પરંતુ તે સાથે જ ગણતરીઓથી ચાલનાર વ્યક્તિ પણ છે. અમુક દષ્ટિએ ઇરાનમાં અમેરિકા ફસાઇ ગયું હોય તેમ લાગે છે ત્યારે તેવા સંજોગોમાં ઇરાન યુદ્ધનો અંત લાવવા માટે ટ્રમ્પ દબાણ લાવવા માટે ચીની પ્રમુખ જીનપિંગને વિનંતી કરે તેવી ઘણી શક્યતા છે. જો કે ચીન કેટલી દાદ આપે છે અને ઇરાન પર દબાણ કરે છે કે નહીં તે જોવાનું રહે છે.

# પીએમ મોદી કેમ ઇચ્છે છે કે તમે સોનું ખરીદવાનું ટાળો અને એક વર્ષ માટે વર્ક ફ્રોમ હોમ કરો?

**ફિંગર પ્રિન્ટ**

શેખર ઐયર

**પશ્ચિમ એશિયાનું યુદ્ધ અને ભારતનું આર્થિક સંકટ, મોદીની આગોતરી તૈયારી: મોંઘવારી સામે લડવા દેશવાસીઓને આપ્યું સાદગીનું સૂત્ર**

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આપણને ખર્ચમાં કાપ મૂકવાના પગલાં અપનાવવા વિનંતી કરી છે. તેઓ ઇચ્છે છે કે આપણે સોનાની ખરીદી ટાળીએ, વિદેશ પ્રવાસ મોકૂફ રાખીએ અને ઘરેથી કામ કરીએ. કારણ કે, આપણે અત્યારે ચાલી રહેલા ઈરાન-અમેરિકા યુદ્ધ અને ક્રૂડ ઓઈલના વધતા ભાવના આર્થિક પરિણામોનો સામનો કરી રહ્યા છીએ.

10 મેના રોજ હૈદરાબાદમાં ભાજપની રેલીને સંબોધતાં મોદીએ કહ્યું હતું કે, ભારત માટે વિદેશી હૂંડિયામણ અનામત જાળવી રાખવું અને ઈંધણનો વપરાશ ઘટાડવો જરૂરી છે. કારણ કે, પશ્ચિમ એશિયામાં લાંબા સમયથી ચાલી રહેલા સંઘર્ષને કારણે વૈશ્વિક સપ્લાય ચેઈન દબાણ હેઠળ છે.

અમેરિકા-ઈરાન યુદ્ધને કારણે વિશ્વના સૌથી મહત્ત્વપૂર્ણ ઓઈલ શિપિંગ રૂટ પૈકીના એક એવા 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ'માં અઠવાડિયાંઓથી આંશિક અવરોધ સર્જાયો છે, જેનાથી લાંબા સમય સુધી પુરવઠાની અછતની આશંકા ઊભી થઈ છે. મોદીની આ અપીલ અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પે ઈરાનના તાજેતરના શાંતિ પ્રસ્તાવોને ફગાવી દીધા બાદ આવી છે, જેના કારણે વૈશ્વિક ક્રૂડ ઓઈલના ભાવ બેરલ દીઠ 105 યુએસ ડોલરની ઉપર પહોંચી ગયા છે. આનાથી વિશ્વભરમાં ફુગાવો અને ઊર્જા સુરક્ષા અંગેની ચિંતાઓ વધી છે.

ઈરાને તેના સમૃદ્ધ યુરેનિયમ સ્ટોકપાઈલનો કેટલોક હિસ્સો બીજા દેશમાં ટ્રાન્સફર કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો, પરંતુ તેની પરમાણુ સુવિધાઓને તોડી પાડવાનો ઈનકાર કર્યો હતો, જે યુદ્ધ સમાપ્ત કરવા માટે અમેરિકાની મુખ્ય માંગ છે. ભારત, જે તેની ક્રૂડ ઓઈલની જરૂરિયાતના 88%થી વધુ આયાત કરે છે, તેને વૈશ્વિક તેલના ભાવમાં તીવ્ર વધારાથી મોટો ફટકો પડ્યો છે. તાજેતરના અઠવાડિયામાં અમેરિકી ડોલર સામે રૂપિયો પણ ઘણો નબળો પડ્યો છે.

ખાસ કરીને, મોદીએ આપણને ઘરેથી કામ કરવા માટે કેમ આગ્રહ કર્યો? મોદીએ કહ્યું કે ઈંધણનો વપરાશ ઘટાડવા અને વિદેશી હૂંડિયામણ બચાવવા માટે દેશે કોવિડ-19 રોગચાળા દરમિયાન અપનાવેલી આદતોને પુનર્જીવિત કરવી જોઈએ. મોદીએ કહ્યું, આપણે કોરોના દરમિયાન વર્ક-ફ્રોમ-હોમ, વર્ચ્યુઅલ મીટિંગ્સ, વીડિયો કોન્ફરન્સિંગ અને બીજી ઘણી પદ્ધતિઓ વિકસાવી હતી. આપણને તેની આદત પડી ગઈ હતી. સમયની માંગ છે કે તે પદ્ધતિઓ ફરી શરૂ કરવામાં આવે.

પીએમ મોદીએ નાગરિકોને અપીલ કરી કે તેઓ જ્યાં પણ શક્ય હોય મેટ્રો રેલ સેવાઓ, કારપૂલિંગ અને ઈલેક્ટ્રિક વાહનોનો ઉપયોગ કરીને પેટ્રોલ અને ડીઝલનો કરકસરપૂર્વક ઉપયોગ કરો. વડા પ્રધાને ઈંધણ-સઘન માર્ગ પરિવહન પર નિર્ભરતા ઘટાડવા માટે માલસામાનના પરિવહનને રેલવે તરફ વાળવાનું પણ આહ્વાન કર્યું હતું. સાચી વાત શું છે? આ વર્ષની શરૂઆતમાં પશ્ચિમ એશિયામાં સંઘર્ષ વધ્યા પછી ભારત પર ઈંધણ આયાતનું ભારણ ઝડપથી વધ્યું છે. અધિકારીઓએ ચેતવણી આપી છે કે, 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ'માં સતત વિક્ષેપના કારણે તેલના ભાવ મહિનાઓ સુધી ખૂબ ઊંચા રહી શકે છે. સરકારી તેલ કંપનીઓ હાલમાં ગ્રાહકોને ઈંધણના ભાવ વધારાથી બચાવવા માટે મોટું નુકસાન વેઠી રહી છે.

મોદીએ ભારતીયોને ઓછામાં ઓછા એક વર્ષ માટે સોનું ખરીદી ટાળવાની અપીલ પણ કરી હતી અને કહ્યું હતું કે, વૈશ્વિક સંકટ સમયે સોનાની આયાત ભારતના વિદેશી હૂંડિયામણના ભંડાર પર વધારાનું દબાણ લાવે છે. સોનું ખરીદવા માટે વિદેશી હૂંડિયામણનો વ્યાપક ઉપયોગ થાય છે. રાષ્ટ્રીય હિતમાં આપણે એક વર્ષ સુધી સોનું ન ખરીદવાનો સંકલ્પ કરવો જોઈએ. ભારત સોનાના વિશ્વના સૌથી મોટા આયાતકારોમાંનું એક છે અને લગ્ન તથા તહેવારોની સીઝનમાં ખરીદીમાં નોંધપાત્ર વધારો થાય છે. કારણ કે, સોનું મોટા ભાગે આયાત કરવામાં આવતું હોવાથી વધુ માંગના કારણે ડોલરનો પ્રવાહ વધે છે અને દેશનું આયાત બિલ વધે છે.

વડા પ્રધાને નાગરિકોને વિદેશી ચલણ બચાવવા માટે બિન-જરૂરી વિદેશ પ્રવાસ, વિદેશમાં વેકેશન અને ડેસ્ટિનેશન વેડિંગને એક વર્ષ માટે મુલતવી રાખવા પણ જણાવ્યું હતું. ચાલુ અમેરિકા-ઈરાન યુદ્ધે વૈશ્વિક સોનાના ભાવમાં અસ્થિરતા પેદા કરી છે. સામાન્ય રીતે, ભૌગોલિક રાજકીય કટોકટી દરમિયાન સોનાને 'સુરક્ષિત'સંપત્તિ માનવામાં આવે છે, એટલે કે રોકાણકારો યુદ્ધ અથવા વૈશ્વિક અનિશ્ચિતતા દરમિયાન તે ખરીદવા દોડે છે.

જોકે, વર્તમાન સંઘર્ષે વધુ જટિલ પરિસ્થિતિ સર્જી છે. કારણ કે, વધતા ક્રૂડ તેલના ભાવ લાંબા સમય સુધી ફુગાવા અને વૈશ્વિક સ્તરે ઊંચા વ્યાજ દરોનો ભય જન્માવી રહ્યા છે. ટ્રમ્પે ઈરાનના તાજેતરના શાંતિ પ્રસ્તાવને ફગાવી દીધા બાદ તેલના ભાવમાં ફરી વધારો થયો છે. વધતા તેલના ભાવ વિશ્વભરમાં ફુગાવાનું જોખમ વધારે છે, જે યુએસ ફેડરલ રિઝર્વ જેવી મધ્યસ્થ બેંકોને લાંબા સમય સુધી વ્યાજ દરો ઊંચા રાખવા માટે પ્રોત્સાહિત કરે છે.

તેના બદલામાં સોના પર નકારાત્મક અસર પડે છે. કારણ કે, તે વ્યાજ અથવા ઉપજ આપતું નથી. જ્યારે વ્યાજ દરો ઊંચા રહે છે ત્યારે રોકાણકારો ઘણીવાર સોનાના બદલે બોન્ડ્સ અને અન્ય નિશ્ચિત-આવકના સાધનો જેવી વ્યાજ આપતી સંપત્તિઓને પસંદ કરે છે. પરિણામે, ક્રૂડના ભાવમાં ઉછાળો અને યુએસ ડોલર મજબૂત થયા પછી 11 મેના રોજ હાજર સોનાના ભાવમાં ઘટાડો થયો હતો. શાંતિ સમજૂતીની આશાઓ ધૂંધળી થતાં હાજર સોનાના ભાવમાં આશરે 0.6%નો ઘટાડો નોંધાયો હતો.

ભારત માટે, વધતા વૈશ્વિક સોનાના ભાવ વધારાનો આર્થિક બોજ ઊભો કરે છે. કારણ કે, દેશ વિદેશી ચલણનો ઉપયોગ કરીને તેનું મોટા ભાગનું સોનું આયાત કરે છે. ઈંધણ સંરક્ષણ અને ઘટાડેલી આયાત ઉપરાંત, મોદીએ ખાદ્ય તેલનો વપરાશ ઘટાડવા, રાસાયણિક ખાતરોનો ઉપયોગ ઘટાડવા અને કુદરતી ખેતી અને સ્વદેશી ઉત્પાદનોને વધુ અપનાવવાનું પણ આહ્વાન કર્યું હતું.

મોદી સરકારે વૈશ્વિક બજારોના દબાણ છતાં અત્યાર સુધી પેટ્રોલ અને ડીઝલના ભાવ મોટા ભાગે યથાવત રાખ્યા છે. જોકે, અધિકારીઓનું કહેવું છે કે જો ક્રૂડના ભાવ ઊંચા રહેશે તો ઈંધણ રિટેલરો અનિશ્ચિત સમય સુધી નુકસાન સહન કરી શકશે નહીં. અપેક્ષા મુજબ, મોદીના 'કોવિડ જેવી વ્યવસ્થા'ના ઉલ્લેખથી બજારોમાં ખળભળાટ મચી ગયો હોઈ શકે છે.

એક વાત સ્પષ્ટ છેઃ મોદી માત્ર સલાહ નથી આપી રહ્યા. તેઓ આપણને તૈયાર કરી રહ્યા છે. અત્યારે આપણે શેનો સામનો કરી રહ્યા છીએ? તેલના ભાવમાં વધારો? ચોક્કસપણે, ઈંધણના ભાવમાં મોટો વધારો થઈ શકે છે. 2026ના બાકીના સમય માટે કોઈ મોટી વિધાનસભા ચૂંટણી નથી. ચૂંટણીનો આગામી રાઉન્ડ - ગોવા, મણિપુર, પંજાબ અને ઉત્તરાખંડમાં - 2027ની શરૂઆત સુધી યોજાશે નહીં. આ રાજ્યોમાં વિધાનસભાની મુદત માર્ચ 2027 માં સમાપ્ત થઈ રહી છે.

આ બાબત કેન્દ્રને અત્યારે ઊંચા ભાવના આર્થિક બોજને સહન કરવા અને સરકારી તિજોરીને સ્થિર કરવા માટે પાંચથી છ મહિનાનો નિર્ણાયક સમયગાળો આપે છે, જે ૨૦૨૭ની ચૂંટણીઓ પહેલાં લોકપ્રિય નિર્ણયો લેવા માટે પૂરતો અવકાશ પૂરો પાડે છે.મોદી કેવા પ્રકારનું રાજકીય જોખમ લેવા તૈયાર છે, તે આગામી મહિનાઓમાં આર્થિક નીતિઓની દિશા નક્કી કરશે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## હિંમત ક્યારેય હારતી નથી

એક નાની છોકરી હતી નામ તેનું પ્રિયા. તેને જન્મથી જ એક પગે પોલીયો હતો. શાળામાં બાળકો તેની મજાક ઉડાવતા, 'તું બરાબર ઊભી રહી શકતી નથી, કાખ ઘોડીના ટેકે ચાલે છે, તું દોડી શકતી નથી, તું કંઈ કરી શકતી નથી...અમારી જોડે રમી શકતી પણ નથી!' પ્રિયાને બધાની જોડે રમવાનું મન થતું પણ તે રમી શકતી નહીં એટલે તે ઘરે આવી રડતી. તેની મમ્મી હંમેશા તેના આંસુ લૂછતી અને તેની સાથે બેસીને રમાય તે રમતો રમીને તેને રાજી કરતી. એક દિવસ પ્રિયા બધાને ગાર્ડનમાં રમતા જોતી બારીમાં ઉદાસ બેઠી હતી તેની મમ્મીએ આ જોયું અને તે પ્રિયનું ફેવરીટ ચીકુ મિલ્કશેક બનાવીને તેની પાસે ગઈ અને તેને ઠંડા ચીકુ મિલ્કશેકનો ગ્લાસ આપ્યો પ્રિય ધીમું હસી મમ્મીએ કહ્યું, 'બેટા આમ ઉદાસ બેસવાનું છોડી દે...ઉદાસી તારી ખુશી, હિંમત અને આત્મવિશ્વાસની આડે આવશે.' પ્રિયા આંખોમાં આંસુ સાથે બોલી, 'મમ્મી હું બરાબર ચાલી શકતી જ નથી, રમી શકતી નથી તો શું ખુશ થાવ...આ ઉદાસી જ મારું જીવન છે.' મમ્મીએ પ્રિયાના આંસુ લૂછ્યા અને બોલી, 'બેટા, ભગવાને તને એક



**ચાર્જિંગ પોઈન્ટ**

હેતા ભૂષણ

પગ ઓછો આપ્યો, પણ દ્વિગુણ હિંમત આપી છે. જીવનમાં જે કમી છે તેનો મનથી સ્વીકાર કરી લે પછી તું ઉદાસ નહીં થાય, એમ વિચાર ભગવાને બીજું તને શું શું આપ્યું છે અને તું ખુશ રહી, આત્મવિશ્વાસ કેળવી જીવનમાં જે કરવું હોય તે કરી શકીશ. મને પુરેપુરો વિશ્વાસ છે.' મમ્મીની આ સાચી સમજાવટ ભરી વાત પ્રિયાના દિલમાં ઊંડી ઊતરી ગઈ. તેણે બહુ વિચાર્યું અને અંતે ચિત્રકળા શીખવાનું શરૂ કર્યું. હવે તે ઉદાસ નહોતી રહેતી કે તે રમવા જઈ શકતી નથી, તે દરરોજ કલાકો સુધી પીંછી અને રંગોમાં ખોવાયેલી રહેતી. સતત પીંછી ચલાવતી. રોજેરોજ સતત પ્રેક્ટીસ જ તેનો ક્રમ બની ગયો. ક્યારેક ચિત્ર ખરાબ થાય, ક્યારેક રંગ ન ભળે પણ પ્રિયા ક્યારેય ન ડગી. ક્યારેક સુંદર ચિત્ર બને, પ્રિયા ખુશ થઈ મમ્મીને દેખાડે અને મમ્મી તેને ફ્રેમ કરવી રૂમમાં દીવાલ પર લગાવે તે જોઇને પ્રિયાનો આત્મવિશ્વાસ વધે. પ્રિયા રંગો અને પીંછી સાથે મોટી થઈ વર્ષો પછી, રાષ્ટ્રીય ચિત્ર સ્પર્ધામાં પ્રિયાનું ચિત્ર પ્રથમ આવ્યું. અખબારોમાં તેના ઈન્ટરવ્યુ આવ્યા. તેનું સન્માન કરવામાં આવ્યું. શાળામાં જે બાળકો ક્યારેક તેની મજાક ઉડાવતા, તેઓ આજે અમારી શાળાની મિત્ર આજે સફળ ચિત્રકાર એમ લખી સ્ટોરી શેર કરવા લાગ્યા. ઇનામ લેતી વખતે પ્રિયાએ કહ્યું – "મારી અપંગતા મારી નબળાઈ નથી, એ મારી ઓળખ છે. ભગવાને જે ન આપ્યું, તેની ચિંતા ન કરો જે આપ્યું છે, તેનો પૂરો ઉપયોગ કરો! શારીરિક મર્યાદા ઈશ્વરે ભલે આપી હોય, પણ હિંમત આપણે ખુદ કેળવવાની હોય છે."

# લોકશાહીના ઘડતરમાં પત્રકારત્વ ચોથો સ્તંભ બને છે

**અવારનવાર**

ડૉ.નાનક ભટ્ટ

**અર્થશાસ્ત્ર જેને ગૃપ ઓફ કૉમન ઈન્ટરેસ્ટ' તરીકે જાણે છે તે વલણ અનુસાર સમાજસેવા, રાષ્ટ્રસેવા કે પછી વિકાસના ઓઠા તળે સમાન હિત જૂથ ધરાવતાં સ્વાર્થી લોકોને એકઠાં થવા આજે મોકળું મેદાન મળી રહ્યું છે**

ઈરાન અને ઈઝરાઈલ યુદ્ધની પ્રારંભિક શક્યતા દેખાતાં શેર બજારમાં કડાકો બોલી ગયો. વર્ષ ૨૦૨૪ની લોકસભા ઈલેક્શનમાં બી.જે.પી.ની સીટો ઘટવાની સંભાવના બજારમાં સચોટ રહી, પરંતુ જમ્મુ કાશ્મીર કે હરિયાણા રાજ્યનાં ચૂંટણી પરિણામો મીડિયાનો એક્ઝીટ પોલ અગાઉના ચૂંટણી પોલ માફક સદંતર ધૂળધાણી થયો. અહીં પ્રશ્ન છે કે બજારની ગણતરી સામે મીડિયાની ભૂમિકા હવામાનના વરતારા માફક શા માટે નબળી પુરવાર થાય છે! મીડિયામાં બેઠેલા શિક્ષિત અને અભ્યાસુ મહાનુભાવોને રાજકીય પક્ષોનાં ૮-૧૨ ધોરણ પાસ અને ક્યારેક જેલવાસ ભોગવી ચૂકેલા નેતાઓ સલાહ આપતા હોય છે કે "એરકંડિશનલ સ્ટુડિયો અને બિસ્લેરીની બોટલથી પંડિત થવાય રાજ નેતા નહીં.'' બજારની સફળતા અને મીડિયાની નિષ્ફળતાના વલણથી હવે લોકશાહીના ઘડતરનું કાર્ય મીડિયા પાસેથી સરકી રહ્યાની ગંભીર નોંધ લેવી પડે તેવો સમય આવી પહોંચ્યો છે.

વર્ચ્યુઅલ સાયકોલોજીમાં વિકસતી નવી પેઢી તો સ્માર્ટ ફોન ઉપર છાપાં સામયિક ફેરવી કાઢે છે. વોટસએપ, ટવીટર, ફેઈસબુકના અતિરેકથી કેટકેટલીય સંવેદનશીલ બાબતો અદેખી રહી જાય છે અને કોવિડ પછી તો પ્રિન્ટ મીડિયા ઉપર શનિની સાડાસાતી મંડાઈ છે. આમ છતાં જે બચ્યું છે તેના આધારે બંધારણીય મૂલ્યોની જાળવણીનું કાર્ય પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયાથી થાય તે અનિવાર્ય અપેક્ષા બને છે.

જો જીતા વો હી સીકંદર- તેવા પ્રચલિત અભિગમને લીધે રાજકીય પક્ષો હવે કોઈ પણ સ્તરની તડજોડથી સત્તામાં રહેવાનું ગોઠવી રહ્યાનું વલણ સહજ થયું છે અને આ માટે પક્ષો પોતાના ઉદ્યોગ જૂથોના ટેકે વર્તમાનપત્રો અને ટી.વી. ચેનલો ખરીદ કરેલ છે. પોતાની પાર્ટીને અનુરૂપ અભિપ્રાય પ્રજામત તરીકે પ્રતિપાદિત કરવા ઉત્સાહી રહે છે. જનમત, લોકમત, એક્ઝિટ પોલ તેવાં ફેન્સી નામથી મીડિયા માસ ઓપીનિયન તૈયાર કરવા પ્રયત્નશીલ રહે છે પરંતુ દેશનો આમ નાગરિક મીડિયાના અભિપ્રાયથી પોતાને અળગો રાખી રહ્યો છે, પરિણામે જનમત વિશે ધારણાઓ લગભગ લગભગ હવામાં ઊડી જતી જોવા મળે છે.

જમીની હકીકતો તો આવી જ કંઈક છે પણ તેથી ફરી બંધારણનાં મૂલ્યો ઉપર તો ફરી બજાર (સ્વાર્થવાદ) ની પકડ મજબૂત થઈ રહી છે! અર્થશાસ્ત્ર જેને ગૃપ ઓફ કૉમન ઈન્ટરેસ્ટ' તરીકે જાણે છે તે વલણ અનુસાર સમાજસેવા, રાષ્ટ્રસેવા કે પછી વિકાસના ઓઠા તળે સમાન હિત જૂથ ધરાવતાં સ્વાર્થી લોકોને એકઠાં થવા આજે મોકળું મેદાન મળી રહ્યું છે.

પરિણામે; ત્રણ શિયાળા વીત્યા છતાં યુક્રેન અને રશિયાનાં ગામડાંઓ અને શહેરોમાં સામાન્ય જનતા ઠુંઠવાઈને મરી રહી છે. ઈઝરાઈલ અને ગાઝાપટ્ટી ઉપર છેલ્લા એક વર્ષમાં લાખો બાળકો અને સ્ત્રીઓ કાટમાળમાં દટાઈ મુવાં છે. અમેરિકા તકનીકી બળના આધારે તેલ ઉત્પાદક રાષ્ટ્રો ઉપર જોહુકમી આચરી રહ્યું છે. આપણા દેશમાં મણિપુરમાં હજારો કુકીઝ (જાતિ) સમુદાયની વસાહતો બળીને ખાખ થઈ છે. આપણા ગામના સીમાડે રેલ દુર્ઘટના કે પછી ભ્રષ્ટાચારની બાંગ પોકારતા ખરાબ રસ્તાઓમાં અકસ્માતથી મૃત્યુ પામેલાં કે અપાહિજ બનેલાં નાગરિકોની સંખ્યા હજારોમાં જાય છે. તેમ છતાં કોઈ સામુહિક અવાજ બનીને બહાર આવી રહ્યું નથી. આંતરરાષ્ટ્રીય સીમાડાઓથી લઈ ઘર આંગણા સુધી માનવતાના મૃત્યુઘંટ સમાન અસંખ્ય ઘટનાઓ પાછળ કોઈ એક ખામી હોય તો રાજ્ય-શાસકો ઉપર સત્ત્વશીલ દબાણ જૂથનો અભાવ છે.

વર્ષ ૧૭૮૦ એટલે કે આજથી ૨૪૪ વર્ષ પહેલાં ભારતમાં બંગાળ ગેજેટસ નામે અઠવાડિક શરૂ થયું. ૬૦ વર્ષ પહેલાં દૂરદર્શનથી સમાચાર પ્રસારણનો ઈતિહાસ અત્યંત સશક્ત છે. રાજા રામમોહનરાય, લોકમાન્ય ટિલકથી લઈ ગુજરાતમાં કાકા કાલેલકર સુધી પત્રકારત્વનો વારસો મજબૂતાઈથી ઊભો છે. વર્ષ ૧૮૨૨થી 'મુંબઈ સમાચાર અને વર્ષ ૧૮૬૩થી 'ગુજરાતમિત્ર' આજ દિન સુધી કાર્યરત છે અને ગુજરાતી ભાષાનો મિજાજ વ્યક્ત કરે છે. એટલું જ નહીં પણ સ્વતંત્રતા પૂર્વે ૧૮૯૦માં ત્રાવણકોર દિવાનની જોહુકમી હોય કે ૧૯૪૨માં પત્રકાર તરીકે મહાત્મા ગાંધીની હાકલ હોય, પત્રકારોએ ઈમરજન્સી, ભોપાલ દુર્ઘટના કે પછી ગોધરા હત્યાકાંડમાં નિર્ણયાત્મક ભૂમિકા ભજવી દેશના બંધારણનું સન્માન જાળવ્યું છે ત્યારે વિચારીએ કે મૂડીનું રોકાણ કરી રાજકીય પક્ષોની છત્રછાયામાં ગોઠવાતાં પ્રજાનાં પ્રતિનિધિઓ અને બંધારણીય રીતે જે સરકાર છે તેવા અમલદારોના સ્વાર્થી હિતોમાંથી સર્જાતા પારાવાર પ્રશ્નોમાં પ્રજા અટવાઈ રહી છે.

માનવીય મૂલ્યોના સામુહિક ધ્વંસ અને ભ્રષ્ટ વાતાવરણ વચ્ચે માત્ર અને માત્ર મીડિયા દબાણ જૂથ તરીકે સામનો કરી શકે તેવી તાકાત ધરાવે છે. ભવ્ય ભૂતકાળ ધરાવે છે. લોકશાહીમાં તો પ્રજા પાંચ વર્ષે એક વાર મત દ્વારા પોતાની વાત મૂકવા હકદાર છે. પરંતુ આજે સ્વાર્થી શાસકો પ્રજાને જ્ઞાતિ, જાતિ અને રેવડીની લાલચ આપી કલ્યાણની દિશા તરફ જતાં રોકી રહી છે ત્યારે બંધારણીય રાષ્ટ્રહિતનું રક્ષણ તો મીડિયાના દબાણથી જ શક્ય બનતું દેખાય છે. લોકશાહીના ચોથા આધારસ્તંભ સમાન પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયા કોમન એજંડા તરીકે બંધારણીય હિતોનું રક્ષણ કરવા આગળ આવે તે સમયની માંગ બને છે અને પ્રજા તરીકે વાચક પણ બંધારણીય અહિતથી પોતાની જાતને અળગી ન રાખવી તેને પોતાની ફરજ જાણે તેવો સમયનો તકાજો ઉદ્ભવ્યો છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## પેન્શનરોની સમસ્યા!

હું ગુજરાત સરકાર નો પેન્શનર છું. ૨૦૧૦ થી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા પેન્શન મેળવું છું. તિજોરી કચેરીમાં, આધારકાર્ડ, પાનકાર્ડ વિગેરે લિન્ક અને રજીસ્ટર્ડ થયેલ છે. છતાંપણ દર વર્ષે શા માટે, હયાતી વખતે પેન્શન બુક, આધારકાર્ડ અને પાનકાર્ડ નંબર ની ઝેરોક્ષ નકલ જોડવાની ફરજ પાડવામાં આવે છે તે તદન વાહિયાત, અજુગતું અને પ્રમાણભૂત છે. ક્યાં તો પછી જે તે બેંક શાખાની મુન્સફી, કે દાદાગિરી કહેવાય. શું તિજોરી અધિકારી ની પેન્શન શાખા દ્વારા આવો હુકમ કરવામાં આવ્યો હોય છે? જ્યારે સરકાર દ્વારા પોસ્ટ ઓફીસ, પોસ્ટમેન દ્વારા ઓનલાઈન નિઃશુલ્ક આ સેવા ગોઠવવામાં આવી હોય તથા કેટલીક સેવાભાવી સંસ્થાઓ દ્વારા પણ નિઃશુલ્ક ઓન લાઈન જીવન પ્રમાણપત્ર પેન્શન શાખામાં પહોંચાડી દેવાતું હોય તો આ જડ પદ્ધતિ દૂર કરવા પેન્શન અધિકારી, તિજોરી અધિકારી ઓ તથા પેન્શન એસોસિયેશન ના ઉચ્ચતમ પદાધિકારીઓ ને નમ્ર વિનંતી છે. આજના ડિજિટલ યુગ માં રદ્દીનો ભરાવો ન કરવા સ્પષ્ટ નિર્દેશ આપવા વિનંતી કરીએ છીએ.

**સુરત - રમેશચંદ્ર નવનીતલાલ જોષી**

## સુરતે એક અનમોલ 'હીરો' ગુમાવ્યો

તાજેતરમાં સુરત શહેરના પૂર્વ મેયર અને અગ્રણી શિક્ષણવિદ ડો. કનુભાઈ માવાણીના નિધનથી સુરતે માત્ર એક રાજકીય નેતા જ નહીં, પરંતુ એક સાચા સમાજસેવક અને બહુઆયામી પ્રતિભા ગુમાવી છે. ગારિયાધારના ગણેશગઢ ગામે જન્મેલા ડો. માવાણીની જીવનસફર શૂન્યમાંથી સર્જનની ગાથા સમાન હતી, જેઓ હીરા ઉદ્યોગમાં જોડાવા સુરત આવ્યા હતા પરંતુ લોકસેવાની ભાવના સાથે મેડિકલ ક્ષેત્રે આગળ વધ્યા. ડો. માવાણીએ માત્ર તબીબી ક્ષેત્રે જ નહીં, પરંતુ સુરતના મેયર અને ધારાસભ્ય તરીકે શહેરના સામાજિક અને શૈક્ષણિક માળખામાં ક્રાંતિકારી સુધારા કર્યા હતા. એક BAMS ડોક્ટર હોવા છતાં શિક્ષણ પ્રત્યેના તેમના લગાવને કારણે તેઓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ (VC) જેવા ગરિમાપૂર્ણ પદ સુધી પહોંચ્યા અને આયુર્વેદિક કોલેજમાં પ્રિન્સિપાલ તરીકે પણ સેવાઓ આપી. હીરા ઉદ્યોગના હબ ગણાતા સુરત માટે તેઓ ખરેખર એક અનમોલ હીરા સમાન હતા, જેમણે પોતાની કોઠાસૂઝથી શહેરના વિકાસમાં અમૂલ્ય ફાળો આપ્યો છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત વચ્ચે સેતુ સમાન બનેલા ડો. કનુભાઈ માવાણીનું યોગદાન હંમેશા અવિસ્મરણીય રહેશે. તેમની 'દરેક ક્ષણે લોકસેવા'ની ભાવના આવનારી પેઢી માટે પ્રેરણારૂપ બની રહેશે. ઈશ્વર તેમના આત્માને શાંતિ આપે અને તેમના પરિવારને આ દુઃખ સહન કરવાની શક્તિ અર્પે તેવી પ્રાર્થના.

**સુરત - ડૉ. પંકજ જે. ગાંધી**

## માનવીમાં રહેલી માનવતા પ્રગટે પણ માનસિકતા?

કોઈપણ માનવી સંવેદનશીલ છે એ તો જાણી શકાય. કેમ કે જ્યારે કોઈ વ્યક્તિ અકસ્માતમાં ઘવાઈ, તો હોસ્પિટલ પહોચાડે, વિદ્યાર્થીઓ ને અભ્યાસમાં સાચું માર્ગદર્શન પુરૂ પાડે, નિઃસહાય ને સહાય કરે,આ પ્રકારના અનેક ઉદાહરણો આપી શકાય. પરંતું ઍક વ્યક્તિની બીજા વ્યકિત પ્રત્યે ની માનસિકતા જાણી શકાય નહી ઘણી વખત વ્યકિત માનસિકતા થી પીડાય છે એટલે કે પોતાને જ અન્ય વ્યકિત કરતાં નબળો માનવા લાગે સામેની વ્યકિત ની જાતિ, જ્ઞાતિ થી અંજાય જાય ત્યારે પોતાના મા રહેલી શકિતને બહાર લાવી શકતો નથી પોતે જ લઘુતા ગ્રંથીથી પીડાય છે ત્યારે ન ઘરનો ન ઘાટનો રહે છે માટે માનવીમાં રહેલી માનવતા અને માનસિકતા વચ્ચે પાતળી ભેદ રેખા છે એમ કહીએ તો ખોટું નથી.

**સુરત - ચંદ્રકાંત રાણા**

## લાખો પરિવારના રોજગાર બંધ?

છેલ્લા બે એક દિવસ થી અનેક પ્રકારના પ્રચાર માધ્યમો આપણા વડાપ્રધાનની, પેટ્રોલ,ડીઝલ જેવા ઈંધણ ના બીનજરૂરી ઉપયોગ બાબતે દેશ ને સતેક કર્યો છે.આ માટે જાહેર વાહનોનો ઉપયોગ ,વર્ક ફ્રોમ હોમ, ભણતાં બાળકો ને કોરોના સમય ની જેમ ઈ લેશન વગેરે ની સલાહ આપી છે. પણ આ વાત ના કલાકો બાદ વડોદરા માં રોડ શો કીધો. મહાનુભાવોના આવા કેટલાક કલાકના કાર્યક્રમ પાછળ સરકારી તંત્રના અનેક કર્મચારીઓની અઠવાડિયાઓની દોડધામ હોય છે.

આપણાં શહેરમાં લગભગ દર અઠવાડિયે અનેક પ્રધાનોના કાફલા નાનાઅમથા કારણે ઉતરી પડે છે. લોકો એમના આવન જાવનના મોંગે અડફેટે ચઢી રસ્તા રોકાણને કારણે પોતાના ઈંધણનો ધુમાડો કરે છે. આવા કાર્યક્રમો તાત્કાલિક અસરથી બંધ થવા જોઈએ અન્ય સૂચનમાં, સોનું ખરીદવાનું બંધ કરવું એટલે આ ઉદ્યોગ સાથે જોડાયેલા લાખો પરિવારના રોજગાર બંધ? હવે કમરતોડ ભાવવધારા માટે તૈયાર રહેવાનો ઈશારો છે.

**સુરત - ભુપેન્દ્ર રાયજી**

## મનનું મૌન

મનુષ્યની વાણી દ્વારા પળાતું મૌન એ બાહ્ય જગત ઉપર શાંતિનો રંગ પ્રસરાવે છે. જ્યારે મનુષ્યના મનમાં ચાલતાં નકારાત્મક અસ્તવ્યસ્ત વિચારો મનની શાંતિનો ભંગ કરે છે. બાહ્ય જગતમાં ઘટતી પ્રત્યેક ક્રિયા ઉપર તત્કાળ પ્રતિક્રિયા, ટીકા કે અભિપ્રાય આપવાની માનવીની લત જ તેની શાંતિનું હનન કરે છે. પરંતુ,જો વાણીની જેમ વિચારોના વમળ ઉપર નિયંત્રણ થાય તો મૌનનો મહિમા સમજાય.

**સુરત - દિપ્તી ટેલર**

## કેળવણીની સાર્થકતા

ભારે ખર્ચ વેઠીને પણ વાલીઓ પોતાના સંતાનોને નામાંકિત અને મૂલ્યનિષ્ઠ શાળાઓમાં મુકે છે. અભ્યાસક્રમ અનુસારના પાઠોનું પુસ્તકિયા જ્ઞાન અને શિક્ષણ ત્યાં પ્રદાન થાય છે પણ શિસ્ત સંસ્કાર આવશ્યકતા મુજબ મળતા નથી. રાષ્ટ્ર ભાવના, માનવતાપૂર્ણ એકતાની જરૂરિયાતમાં ઉણપ વરતાય છે. ધર્મનિષ્ઠ પ્રજા ધર્મગુરુઓને માન આપે છે, પણ તેમના પ્રેરક વચનોને જીવનમાં ઉતારવાની બહુ જ ઓછા લોકો કાળજી લે છે. ધન કેન્દ્રી માનસ ધરાવતા લોકો પોતાના સંતાનો પ્રત્યે શિક્ષણની સાથે સંસ્કારોની પણ કાળજી રાખે તો જ કેળવણી સાર્થક બને. ટ્યુશન ક્લાસમાં જવાના બહાને પણ છૂટ મળી જાય છે. સંતાનની આદતોનું નિરીક્ષણ પરિવાર અને સમાજ માટે હિતકારી છે. વાલીઓએ માત્ર શંકાશીલ નહીં પણ સંરક્ષક તરીકે વર્તવાનું છે. મોડી રાત સુધી ઓનલાઈન પર લાગણીના ખેલ થતા રહે છે અને પાસવર્ડથી તેમના મોબાઈલ લોક રાખે છે. પરિવારો અને સમાજમાંઆવી તો ઘણી સમસ્યાઓ છે. માત્ર પરીક્ષાઓ અને તેમાં પ્રદાન થતા ગુણાંકનો સાચી કેળવણી દર્શાવતા નથી. સમાજ, દેશ અને જીવનને ઉપકારક દિશામાં જવા શિક્ષણની સાથે સંસ્કારોનું સિંચન થાય તેમાં જ કેળવણીની સાર્થકતા સિધ્ધ થાય.

**સુરત - યૂસુફ એમ. ગુજરાતી**

## હોર્મુઝ ખાડી યુધ્ધ પરત્વે ભારતનું ભેદી મૌન

હોર્મુઝ ખાડી યુધ્ધને કારણે દેશ એક ગંભીર આર્થિક વિટંબણાનો સામનો કરવા જઈ રહ્યો છે. આયાતી માલના પુરવઠામાં વિક્ષોભ ઉપરાંત આયાતી ક્રૂડ પર આપણી વધુ પડતી નિર્ભરતાને કારણે મોંઘવારી બેકાબૂ થઈ શકે છે - જેને કારણે પ્રજા પર આર્થિક બોજ ઉપરાંત સરકારની ઘણીબધી નાણાકીય ગણતરીઓ ઊંધીચતી થઈ શકે એમ છે. ખાડી ક્ષેત્રમાં આપણા ૯૦ લાખ જેટલા પ્રવાસી કામદારો કાર્યરત છે. જો આ યુધ્ધ લંબાય અથવા વિસ્તરે તો તેમની રોજગારી અને તેમનાં ધ્વારા ભારત મોકલવામાં આવતા remittances પર વિપરીત અસર પડી શકે એમ છે.

સમાચારો મુજબ યુધ્ધને કારણે હોર્મુઝ ક્ષેત્રમાં જુદા જુદા જહાજો પર ૨૦ હજાર જેટલાં સાગરખેડૂ અટવાયેલા છે જેમાં મોટા ભાગનાં ભારતનાં છે અને ખાસ તો, ભારત એક ઉભરતી વૈશ્વિક શક્તિ છે એવું આપણી નેતાગીરી ગાઈ બજાવીને કહેતી રહે છે. પરંતુ જ્યારે આપણી નજીકનાં વિસ્તારમાં કોઈ યુધ્ધ લડાતું હોય અને તેની ગંભીર આર્થિક તેમજ અન્ય અસર આપણા પર પડતી હોય ત્યારે પણ આપણે મૌન ધરીને બેસી રહીએ તો એ સ્થિતિ કોઈ ભેદભરમનો નિર્દેશ કરે છે, નહીં કે વ્યૂહાત્મકતા.

**નવસારી - કમલેશ આર મોદી**